પુનના International School
Shree Swaminarayan Gurukul, Zundal

| HALF YEARLY (2020 - 21) | | | | | |
|---|---|---|---|---|---|
| Student's Name: | | Grade | VIII | Roll No. | |
| Date: | 12/09/2020 (Saturday) | Time | 3 hrs. | Subject | GUJARAT |
| Teacher's Sign. | | | | Total Marks | 80 |

## SECTION: A READING

પ્રશ્ન 1 ( અ ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો 10 માર્ક્સ

કશ્મીરનું સૌંદર્ય એક વાર જોયુ તો ભુલાય એવું નથી. એવી રીતે ન ભુલાય એવી કશ્મીરની બીજી વસ્તુ તે ત્યાંની કડકડતી ઠંડી. એક વાર એ ઠંડી અનુભવી તો જિંદગીમાં કદી ભુલાય નહિ. ઠંડીનું જોર વધે કે ત્યાંના લોકો પટ્ટુનાં લાંબા લાંબા ડગલા પહેરે છે. બાંય તો એવી રાખેને કે તે આંગળાને ઢાંકીને પણ છેક નીચે લબડતી રહે. હાથ બહાર રાખ્યો કે ઠંડીમાં ખોટો થયો સમજવો. આથી ત્યાંના લોકો ઠંડીમા હાથ બહાર કાઢતા જ નથી. કંઇ ખાવાનું વેચાતું લે તો તે બાયના છેડા પર જ લે, અને એને બાય વડે જ પકડે. કશ્મીરનાં લોકોને આ ઠંડીની કંઇક ટેવ પણ ખરી, પણ બહારના મુસાફરોને તો એ ઠંડી વીંછીની જેમ ડંખ મારે. આથી મુસાફરો નેતરની ટોપલીમાં ગરમ સગડી મૂકે છે અને ગળે બાંધીને ફરે છે.

પ્રશ્નો
1 ) કશ્મીરની કઇ વસ્તુઓ યાદ રહી જાય એવી છે ?
2) કશ્મીરના લોકો ઠંડીથી બચવા શું કરે છે?
3) છોકરાઓ બાયમાથી હાથ કેમ કાઢતા નથી ?
4) મુસાફરો ઠંડીથી બચવા શુ કરે છે?
5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

પ્રશ્ન 1 ( બ ) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો 10 માર્ક્સ

પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, નથી મારે હીરલો થાવું રે,
હીરો બની મારે પેટીપટારે રૂંધી ન મરવું તેજ ;
પ્રભુ મને તેજ ન દેજે રે, પ્રભુ! મને પથ્થર ઘડજે રે,
પથ્થર ઘડજે ને ક્યાંય પટકજે નદી સરોવર તીર ;
મને સૌ પીડતુ છોને રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.
હીરો બની કોઇ એક જ નર કે નારીનો થાઉં દાસ ;
પથ્થર થઇ પૃથ્વીની સેવા રે, કરી મારે લ્હાવ જ લેવા રે.
તેજ હીરામાં ને ઝેર હ્રદયમાં ગમતું મને ના એમ;

પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, ઘડી મન ફાવે ત્યાં ધરજે રે.
પથ્થરને આપે પ્રભુ પદ લોકો હીરલે જડતા અંગ;
એમાથી તું ઉગારી લેજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.
પ્રભુપદ કોઇને દેજે રે મને તો તુ પથ્થર ઘડજે રે;
કહ્યું દેવ ! આટલું કરજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.

પ્રશ્નો : 1) કવિ શું બનવાની ઇચ્છા ધરાવે છે ?

2) કવિ હીરો બનવાની શા માટે ના પાડે છે ?

3) કવિ પૃથ્વીની સેવા કેવી રીતે કરવા માગે છે ?

4) કવિ પોતાને શામાથી ઉગારી લેવા પ્રભુને વિનવે છે ?

5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

## SECTION: B WRITTING

પ્રશ્ન 2 ( અ ) નીચેના વિશે નિબંધ લખો. [ કોઈપણ એક ] **[ 10 MARKS ]**

1) રેલવે સ્ટેશન 2) માતૃપ્રેમ

પ્રશ્ન 2 ( બ ) નીચેના મુદ્દા પરથી વાર્તા લખો. **[ 10 MARKS ]**

એક જંગલ - સિંહનો ત્રાસ - દરરોજ પશુઓની હત્યા - પશુઓની સિંહને વિનંતી - દરરોજ એક પશુ મોકલવાનો નિર્ણય - સસલાનો વારો - સસલાનું સિહ પાસે મોડા પહોચવું - સિંહનુ ગુસ્સે થવું - સસલાનું સિંહને કૂવા પાસે લઇ જવું - કૂવામાં સિંહને પોતાનો પડછાયો દેખાવો - સિંહનુ કૂવામાં કૂદિ પડવું - સસલાનું બચી જવું - બોધ.

## SECTION: C GRAMMER

પ્રશ્ન 3 ( અ ) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. **[ 5 MARKS ]**

1) દિવસ 2) મજા 3) તવંગર

4) પંથ 5) અજવાળું

પ્રશ્ન 3 ( બ ) નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો. **[ 5 MARKS ]**

1) મહિલા 2) જ્ઞાની 3) સમાન

4) ધ્યાન 5) નુકશાન

પ્રશ્ન 3 ( ક ) નીચેના શબ્દોનો વાક્યોમાં પ્રયોગ કરો. **[ 5 MARKS ]**

1) સેવા 2) સરોવર 3) વંદન

4) આભ 5) સીમ

પ્રશ્ન 3 ( ડ ) નીચેના શબ્દોને બીજા શબ્દ સાથે સરખામણી કરો. **[ 5 MARKS ]**

( સાકર, ઝેર, માખણ, દુધ, મેષ )

અ) સફેદ ____જેવું બ) કાળું _____જેવું

ક) મીઠું _____જેવું ડ) કડવું _____ જેવું

ઇ) કૂણું ______જેવું

## SECTION : D LITRATURE

પ્રશ્ન 4 ( અ ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. [ 8 MARKS ]

1) કવિ વંદન સ્વીકારવાનુ કોને કહે છે?
2) શિલ્પી શુ કરી રહ્યો હતો?
3) યુવકે દુકાનદારને શાની ના પાડી?
4) જોગણ ગામમા મહારાજે શું જોયું?
5) સીમ કોને સાદ કરે છે?
6) સીમમાં શું- શું લઈ જવાનું છે?
7) હરખચંદે મણેક કપાસિયા શા માટે ખરીધ્યા હતા?
8) હરખચંદ કોને પોતાની હાટડીએથી હેઠા ઉતારી દેતા હતા ?

પ્રશ્ન 4 ( બ ) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો. ( કોઇ પણ છ ) [ 12 MARKS ]

1) રેલ્વે સ્ટેશન ઉપર કઈ – કઈ સુચનાઓ લખેલી છે?
2) ભારતમા કયા – કયા ધર્મ પાળતી પ્રજા વસે છે?
3) સ્ત્રીએ ફોન કરનાર યુવકને નોકરીએ રાખવાનીશા માટે ના પાડી?
4) લીંપીગૂંપીને ખળા શા માટે કરવા પડે?
5) ગામના લોકો ખેતી અને ઘરવપરાશની વસ્તુઓની ખરીદી એકસામટી શા માટે કરતા હતા?
6) હરખચંદને શા માટે શરમાવું પડ્યુ ?
7) હરખચંદના લમણામાં કઇ વાત રહી ગઇ?